જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૦/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૦૭૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૮૬ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૩૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૦૪ બિયર ટીન, ૨ સ્કુટર અને ૧ ઈકો કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪૩,૮૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૬/૧૭**

**પાલડીઃ** ઇન્દ્રજીતસિંહ હરિહરસિંહ પરમાર (રહે.અલ્કા પાર્ક ડોન બોસ્કો સ્કુલની પાસે જીવરાજ પાર્ક વેજલપુર) એ તા.૧૩/૧૦/૧૭ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે મે/૨૦૧૭ પહેલા કોઈ પણ સમયે આરોપી વિવેક બકુલભાઇ બ્રહમભટ્ટ (રહે. મહાકાળી ભવન નરોડા) એ પાલડી વિસ્તારના અલગ-અલગ ગ્રાહકો પાસેથી વાર્ષિક ઉઘરાણી કરી રૂપિયા ૮૪,૫૯૯/- કંપનીમા જમા નહી કરાવી કંપની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.સીંધી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૭/૧૭**

**વાસણાઃ** અલ્પેશ આત્મારામ મિસ્ત્રી (રહે.સર્વપરી એલીગન્સ સત્ય રેસીડન્સીની સામે ન્યુ રાણીપ) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૦/૧૭ રાતના ૯/૦૦ થી તા.૧૩/૧૦/૧૭ કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન જીવરાજ પાર્ક બીનોરી કોર્નર ખાતે આવેલ મનોરંજન ઈલેક્ટ્રોનીકસ નામની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી નવા તથા જુના ફોન કુલ ૧૫ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૮૧,૯૩૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કનૈયાલાલ શિવાભાઈ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૮/૧૭**

**નવરંગપુરાઃ** ચિંતન જયેન્દ્રભાઇ મોદી (ઉ.વ.૩૬) (રહે.આકાંક્ષા ફ્લેટ, સોલા રેલ્વે ક્રોસિગ પાસે, સતાધાર ચાર રસ્તા, ઘાટલોડીયા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૦/૧૭ રાતના ૯/૫૫ વાગ્યાના સુમારે ચિંતનભાઈ તથા તેમના પત્ની સ્કુટર ઉપર બેસી નવરંગપુરા, શંભુ કોફીબાર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો ચિંતન મોદીના પત્નીના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૦૭૯/૧૭**

**ચાંદખેડાઃ** શિવકુમાર મહાદેવ જાતે ત્યાગી (રહે.સાંધી કંપનીના પ્લાન્ટ ઉપર જી.આઇ.ડી.સી દંતાણી ગામ તા-કલોલ જી-ગાંધીનગર) અને મિત્ર સુરજીતસિંહ સમર બહાદુરસિંહ ભદોરીયા (ઉ.વ.૨૧) તા.૧૨/૧૦/૧૭ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે જગતપુર સેવી સ્વરાજ સાઇડ ,જગતપુર સાઇડ સામે મિકચર મશીન ગાડી બગડી હોવાથી ઉભી રાખી રિપેરીંગ કરતા હતા ત્યારે જેસીબી ફોર વ્હીલર ગાડીના ચાલકે જેસીબી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મિત્ર સુરજીતસિંહ સમર બહાદુરસિંહ ભદોરીયાને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સુરજીતસિંહ ભદોરીયાનુ મૃત્યુ નિપજયું હતુઆ અંગેની ફરીયાદ શિવકુમાર ત્યાગીએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** :- **સમાચાર યાદી નં.૨૦૮૦/૧૭**

**અમરાઇવાડીઃ** પુજાબ્હેન વિજયભાઇ પટેલ (ઉ.વ.૨૧) (રહે.રઉફની ચાલી અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૦/૧૭ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.